ગાંધીનગરમાં ગૌતમબુદ્ધ જન્મ મહોત્સવની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત ધમ્મ સોસાયટી, ભારતીય બૌદ્ધ મહાસભા અને ગિરરત્ન બૌદ્ધ મહાસંઘ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ધમ્મયાત્રા યોજાઈ હતી. ડૉ. બાબા સાહેબ આંબેડકર યુનિ. સંકુલ પ્રેરણાભૂમિથી પ્રસ્થાન થયું હતું છેક ગૌતમબુદ્ધના જીવન પ્રસંગોથી માર્મિક ઝાંખી બેન્ડવાજા, સણગારેલી ગાડીઓ પગપાળા મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. સેક્ટર-૧ ૬માં સ્વાગત કરવામાં આવ્યું હતું. સે. ૧૪, ૧૫, ૨૫,૨૬ બુદ્ધવિહાર સેક્ટર-૨૪ ખાતે પરત આવી હતી.

બુદ્ધવિહારમાં ધમ્મસભાનું આયોજન કરેલ હતુ. જેમાં બુદ્ધ વિહાર લોકાભીમુક અને વિકાસશીલ બનાવવા માટે સામુહિક નક્કી કરેલ હતું. ગૌતમ બુદ્ધના પ્રમ, કરૂણા, મૈત્રી અને ક્ષમાના ગુણ જીવનમાં અપનાવી પ્રચાર પ્રસાર કરવાનું નક્કી કરેલ હતું.

ગુજરાત ધમ્મ સોસાયટી ગાંધીનગરના પ્રમુખશ્રી તુષારભાઈ સંબોધિ અને ઉપપ્રમુખ શ્રી આર.કે. રાજને જણાવેલ છે.

સેવા અધિકાર કાનૂનને સાચા અર્થમાં કલ્યાણકારી બનાવો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆએ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને આ અંગે સચોટ લેખન રજુઆત કરેલ છે. ૫૩ વર્ષે રાજયને વૈદ્યાનિક સેવા અધિકાર કાનૂન આપવા બદલ આભાર અભિનંદન.

પરંતુ ૧૯૯૮માં નાગરિક અધિકારપત્રોની લોલીપોપ આપી અને નિષ્ફળતા મળી ૨૦૦૪માં જન સેવા કેન્દ્રો સ્વરૂપે સમાન અભિગમની યોજના દાખલ કરવામાં આવી. તેમાં કોઈ દયનીય દશ્યમાન સ્થિતિ દેખાતી નથી. પારાવાર હાડમારીઓ ભોગવે છે.

નાગરિકને વૈધાનિક સેવા અધિકાર કાનૂન દ્વારા સમયમર્યાદામાં સેવા મેળવવાનો અધિકાર બક્ષ્યો છે. પરંતુ તે કોણીએ ગોળ ચોટાડવાનું કામ કરે છે. નિશ્ચિત સમય મર્યાદામાં સેવા મેળવવાનો અધિકાર અનેક વિટંબણાભર્યો છે. નવા કાયદાનો અત્યંત ઝડપથી અમલ થઈ શકે તે માટેના જરૂરી હૂકમો કરવા માંગણી કરેલ છે.

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘની સ્વ. નિલમબેન કામદારને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૭

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર શાખાના ચેરમેન નીલમબેન કામદારના દેહાવસાનથી પૂરી ન શકાય તેવી ખોટ સંસ્થાને પડી છે.

મહિલા ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ અને અગ્રણી નિલમબેને શહેરની સામાજિક તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે, સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ મહિલા પાંખ, લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર, જ્યોતિ મહિલા મંડળ, બ્રહ્મસમાજ મહિલા પાંખ, વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ, ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરક્ષા મહિલા છાત્રાલય, નારી સંરક્ષણ ગૃહ, કુટુંબ સલાહ કેન્દ્ર જેવી અનેક સંસ્થાઓએ સહૃદય શ્રદ્ધાંજલિ અર્પી છે તેમ સંસ્થાના મંત્રી શર્મિષ્ઠા દવેએ જણાવ્યું છે.

મહાદેવપુરા પાટીયે અજાણ્યા વાહનની ટકકરે આધેડનું કરૂણ મોત

ગાંધીનગર, તા.૨૭

ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈ-વે પર આવેલ મહાદેવપુરાના પાટીયે આજે સવારના સમયે એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરપાટ ઝડપે હંકારી એક ભીક્ષુ જેવા આધેડને ટકકર મારતા આધેડનું કરૂણ મોત નિપજયું હતું. આ મામલે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ચિલોડા હિંમતનગર નેશનલ હાઈ-વે પર આવેલા મહાદેવપુરા પાટીયા પાસે આજે સવારે અંદાજે આઠ વાગ્યા પહેલા કોઈ અજાણ્યા વાહન ચાલકે એક ભીક્ષુ સમાન દેખાતો અને શરીરે ભગવા રંગનો ઝભ્ભો અને કમરે પીળા રંગની શાલ પહેરેલ ૫૮ વર્ષીય આધેડને અડફેટે લેતા આધેડ ગંભીર રીતે ઘવાયા હતા અને અજાણ્યો વાહન ચાલક મોત નિપજાવી સ્થળ પરથી નાસી છૂટયો હતો. આ અજાણ્યા આધેડના મૃતદેહ અંગે છાલા ગામના વસંતભાઈ દશરથભાઈ આચાર્યને જાણ થતા તેમણે તાત્કાલિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વસંતભાઈની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરુધ્ધ ગુનો નોંધી તેની સઘન શોધખોળ હાથ ધરી છે. જે મામલે પી.જે. પંડયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

લાયન્સ પરિવાર ગાંધીનગરની સ્વ. નિલમબેન કામદારને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરની અગ્રણી સેવાકીય સંસ્થા લાયન્સ, લાયોનેસ અને લીઓ કલબ ઓફ ગાંધીનગરે સ્વ. નિલમબેન કામદારના અવસાનને દુઃખદ ગણાવી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

મહિલાઓના વિકાસ માટે હંમેશા કાર્યસીલ અને નારી સંરક્ષણ ગૃહ, કુટુંબ કલ્યાણ કેન્દ્ર અને સુરક્ષા મહિલા છાત્રાલયના ચેરમેન નિલમબેનનું અવસાન થવાનું સમગ્ર લાયન્સ પરિવારને ખોટ પડી છે. તેમની સંસ્થા પ્રત્યેની કાર્યદક્ષતા, સુંદર વહીવટની સમગ્ર લાયન્સ પરિવારે નોંધ લીધી છે. આ સંસ્થાએ એક અદના સૈનિક અને સ્વભાવે શાંત, સૌમ્ય તથા સદાયે હસતા ચહેરાવાળા પૂર્વ પ્રમુખને ગુમાવ્યા છે. સ્વ. નિલમબેન કામદારના અવસાનથી સમગ્ર લાયન્સ પરિવારે આઘાત અનુભવ્યો છે અને પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તેવી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પી છે.

અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન ઝવેરભાઈ ચાવડાએ કૃષિરથની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકામાં કૃષિરથ અંતર્ગત આજરોજ કૃષિ મહોત્સવ, સુઘડ મુકામે આવી પહોંચ્યો હતો. જેમાં નિવૃત્ત આઈ.એ.એસ. તેમજ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન શ્રી ઝવેરભાઈ ચાવડાએ હાજરી આપી હતી.

સુઘડ મુકામે આવી પહોંચેલ રથનું સ્વાગત ગામના સરપંચ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બહારથી આવેલ કૃષિ અધિકારીઓનું ફૂલછડી આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ આવેલ કૃષિ વૈજ્ઞાનિક દ્વારા ખેડૂતોને કૃષિ સંબંધી જ્ઞાન આપવામાં આવ્યું હતું. તેમજ આવેલ વિશેષ મહેમાન શ્રી ઝવેરભાઈ ચાવડા દ્વારા તેમના આઈ.એ.એસ. વખતની કામગીરીને વાગોળી હતી. અને આવેલ વૈજ્ઞાનિકોના ભરપુર લાભ લઈ ખેતીમાં મબલક ઉત્પાદન કરી સ્વનિર્ભર થવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. કૃષિ મહોત્સવ અંતર્ગત ગામના તેમજ તાલુકા સીટમાં આવતા ગામોમાંથી કૃષઇ સહાય અન્વયે ટ્રેક્ટરમાં આપવામાં આવતી સબસીડી રૂ. ૪૫ હજારના બે ચેકોનું વિતરણ ઝવેરભાઈ તેમજ વિસ્તરણ અધિકારી ખેતી આર.એલ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ભાટ ગામનો ફરક્યુલીટી મેપ ભાટ ગામના સરપંચને એનાયત કરવામાં આવ્યો હતો તેમજ કૃષિ અને પશુપાલના લાભાર્થીઓને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કારકિર્દી માર્ગદર્શન - સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે કારકિર્દી માર્ગદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી શું ? કારકિર્દીના ઘડતરના પ્રારંભે કયા-કયા પ્રશ્નો મુંઝવે છે તેની વિસ્તૃત છણાવટ ડૉ. મનીષ દોષી, ડૉ. ભાનુભાઈ મહેતા, ડૉ. પ્રદિપ ગગલાણી અને ભરતભાઈ શાહ દ્વારા કરાઈ હતી. સંસ્થાના અગ્રણીઓ કુંવરજીભાઈ પટેલ, ઝીલુભા ધાધલ અને સી. એલ. મહેતા સહિત અનેક આગેવાનો અને વિદ્યાર્થી - વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ અંતર્ગત ૨,૯૧૭ લાભાર્થીઓને કિટસનું વિતરણ કરાયું

પશુ આરોગ્ય મેળાઓ થકી ૧,૩૯,૩૮૧ પશુઓનું રસીકરણ અને ૩,૪૫૪ પશુઓનું કૃત્રિમ બીજદાન કરાયું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવનો ારંભ તા.૧૪મી, મે-૨૦૧૩ના રોજ કલોલ તાલુકાના ડિગુચા ગામ ખાતેથી થયો હતો. તા.૨૭મી મે, ૨૦૧૩ સુધીમાં જિલ્લાના ચાર તાલુકાના ૭૭ ગામોમાં કિસાનરથે મુલાકાત લીધી છે. કૃષિ મહોત્સવ અંતર્ગત કુલ ૨,૯૧૭ લાભાર્થીઓને કૃષિ અને પશુપાલનની કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. પશુ આરોગ્ય મેળામાં કુલ-૧,૩૯,૩૮૧ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. ૩૪૫૪ પશુઓનું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું છે. તેમજ કૃષિ મહોત્સવ કાર્યક્રમ દરમ્યાન કૃષિક્ષેત્રે લોકજાગૃતિ કેળવાય તેવા ૧૬૦૯ ભીતસૂત્રો લખવામાં આવ્યા છે.

કૃષિ મહોત્સવ- ૨૦૧૩ અંતર્ગત દહેગામ તાલુકામાં કૃષિ-૪૭૮, અને પશુપાલનની- ૩૩૫, ગાંધીનગર તાલુકામાં કૃષિની-૪૧૩, અને પશુપાલનની-૩૧૫, કલોલ તાલુકામાં કૃષિ-૪૨૮, અને પશુપાલનની-૩૦૦ તથા માણસા તાલુકામાં કૃષિ-૩૫૯, અને પશુપાલનની-૨૮૯ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર, કલોલ અને માણસા તાલુકામાં કુલ-૨૮૦૦ સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ નવા સોઈલના કુલ-૯૩૦ નમુના લેવામાં આવ્યા છે.તે ઉપરાંત કલોલ તાલુકામાં ૧૩ અને માણસા તાલુકામાં ૬૩૮ મળીને કુલ-૬૫૧ કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે.

પશુ આરોગ્ય મેળામાં દહેગામ તાલુકામાં ૫૮,૬૯૪, ગાંધીનગર તાલુકામાં ૩૭,૨૩૧, કલોલ તાલુકામાં ૧૦,૮૧૦ અને માણસામાં ૩૨,૬૪૬ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.તેમજ દહેગામ તાલુકામાં ૬૧૦, ગાંધીનગર તાલુકામાં ૧૨૨૩, કલોલ તાલુકામાં ૬૭૬ અને માણસામાં ૯૪૫ પશુઓનું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત કૃષિ મહોત્સવ અંતર્ગત દહેગામ તાલુકામાં ૩૮૩, ગાંધીનગર તાલુકામાં ૫૮૦, કલોલ તાલુકામાં ૨૦૦ અને માણસામાં ૪૪૬ લોક જાગૃતિ કેળવાય તે માટે ભીત સૂત્રો લખવામાં આવ્યા છે. ૬૧ ગામોમાં ગામ શુશોભન અને ૬૨ ગામોમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ૪૬ ગામોમાં ડાયરો, લોકગીત અને ભવાઈ જેવા પરંપરાગત કાર્યક્રમો થકી લોકજાગૃતિ કેળવવામાં આવી છે.

ચાર તાલુકાના વિવિધ ગામોમાં કિસાન રથની મુલાકાત દરમ્યાન તજજ્ઞો દ્વારા ૨૩, ૬૮૮ ખેડૂતોને કૃષિ અને પશુપાલન સંલગ્ન માહિતી આપવામાં આવી છે. તે સિવાય ૧૪૪૯ ખેડૂતોને વ્યક્તિગત સમજ આપવામાં આવી છે. ૭૫ ખેડૂતોને ટેકનિકલ સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું છે. એ.પી.એમ.સી દ્વારા ૨૭૫૭ માર્કેટીગ પધ્ધતિ વિષયની સમજ આપવામાં આવી છે.

શહેરમાંથી એક જ દિવસમાં ૩૦ પલ્સર બાઈક ડીટેઈન

ચેઈન સ્નેચીંગના વધેલા ગુનાઓને પગલે સઘન વાહનચેકીંગ શરૂ કરી દેવાયું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર વિસ્તારમાં વધી રહેલા ચેઈન સ્નેચીંગના ગુનાઓને પગલે નવી સ્કવોર્ડ રચીને ચેઈનસ્નેચીંગ અટકાવવાના પ્રયત્નો જિલ્લા પોલીસે શરૂ કર્યા છે ત્યારે પલ્સર બાઈક પર ચેઈન સ્નેચીંગ વધુ થતુ હોવાથી પલ્સર બાઈક લઈને ફરતા વાહનચાલકોને ખાસ ચેક કરવામાં આવી રહ્યા છે અને લાયસન્સ જે વાહનના દસ્તાવેજો ન હોય તો ડિટેઈન કરી લેવાની કામગીરી હાથ પર લેવામાં આવી છે. ગાંધીનગર શહેરમાંથી એક જ દિવસમાં આવા ૩૦ થી વધુ પલ્સર બાઈક ડીટેઈન કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરના વિવિધ સર્કલો તથા તમામ મુખ્ય પ્રવેશદ્વારો પર શહેરની પોલીસને સઘન વાહનચેકીંગ માટે આદેશ આપી દેવામાં આવ્યા છે. કાળા રંગના પલ્સર બાઈક પર આવીને ચેઈન સ્નેચરો તરખાટ મચાવતા હોવાનું દરેક ચેઈન સ્નેચીંગની ફરીયાદ પરથી બહાર આવતા પલ્સર બાઈક લઈને અવર-જવર કરતાં તમામ ચાલકો પાસેથી દસ્તાવેજો અને લાયસન્સ ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. ચેઈન સ્નેચીંગ અટકાવવા માટે હાથ ધરવામાં આવેલી આ કામગીરીના પ્રથમ જ દિવસે ગાંધીનગર શહેરમાંથી ૩૦ થી વધુ પલ્સર બાઈક ડીટેઈન કરવામાં આવ્યા છે. પલ્સરબાઈક લઈને નીકળેલા વાહનચાલકોની તપાસણી દરમ્યાન લાયસન્સ અથવા બાઈકના કાગળો ન હોય તેવા તમામ બાઈક ડીટેઈન કરવામાં આવ્યા છે. સેક્ટર-૨૧ પોલીસે ૨૨ પલ્સર બાઈક ડીટેઈન કર્યા છે. જ્યારે સે. ૭ પોલીસે ૧૨ જેટલા પલ્સર બાઈક ડીટેઈન કર્યા છે.

ઈન્દોર ખાતે યોજાયેલ નેશનલ સોફ્ટ ટેનિસ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમને ગોલ્ડ અને સિલ્વર મેડલ હાંસલ

ગાંધીનગર, તા. ૨૭

એમેચ્યોર સોફ્ટટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાના માર્ગદર્શન હેઠળ મધ્યપ્રદેશ સોફ્ટટેનિસ એસો. દ્વારા મધ્યપ્રદેશ ખાતે ૯મી જુનિયર સોફ્ટ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં ગુજરાતની ટીમના બે ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ અને ટીમ ઈવેન્ટમાં ભાઈઓની ટીમે પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

એમેચ્યોર સોફ્ટટેનિસ એસોસિએશન મધ્યપ્રદેશ દ્વારા તા. ૨૨થી ૨૬ મે ૨૦૧૩ દરમિયાન મધ્યપ્રદેશ ખાતે આયોજિત આ રાષ્ટ્રીકક્ષાની સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં ભારત ભરમાંથી કુલ ૨૨ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુજરાત સોફ્ટ ટેનિસ ભાઈઓનીટીમમાં પ્રેરીત લોહીયા, જલદીપ પટેલ, હર્ષલ જોશી, પ્રશાંત જેસવાની, અભિ પંચાલ, અમોલ સોલંકી, ઉત્તમ પ્રજાપતિ, મોનહ સોલંકી અને મોનસુ રાઠોડ દ્વારા શાનદાર રમત રમી ગુજરાતની ટીમ માટે વિવિધ કેટેગરીમાં મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજયનું નામ રોશન કર્યું હતું. વિજેતા ખેલાડીઓને કોટ હસમુખભાઈ વેગડા અને વિકાસ ડોરિયાએ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

નવા સેકટરોમાં શાક માર્કેટ બનાવવા માંગ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના વિકસી રહેલ સેકટરોમાં શાક માર્કેટ માટે ખાસ જગ્યા ફાળવવા અંગે સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવે તેવી માંગ નવા સેકટરોમાંથી ઉઠવા પામી છે.

સે-૩, સે-૪, સે-૫ જેવા વિકાસ પામી રહેલા સેકટરમાં શાકમાર્કેટ માટે કોઈ જ જગ્યા ફાળવવામાં આવી નથી આને કારણે આ સેકટરોના રહીશોને કાં તો ફેરિયા પાસેથી અથવા સે-૧ કે અન્ય સેકટરોમાં જઈ શાક ખરીદવું પડે છે.

નાગરિકોની પ્રાથમિક સુવિધાઓને પણ સરકારે અગ્રતા આપી નથી તે અંગે વસાહતીઓમાં ભારે ગણગણાટ જોવા મળી રહ્યો છે.

જુ.સિ.કા.એ અસ્થિર મગજની બહેનો માટે શાંતિ હવન યોજયો

જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા તાજેતરમાં અસ્થિર મગજની બહેનોના મનની શાંતિ માટે તથા દિવંગત પુણ્યાત્માઓની શાંતિ માટે શાંતિ હવનનું આયોજન કરાયું હતું.

ડભોડા ભિક્ષુક ગૃહ ખાતે નિવાસી અસ્થિર મગજની બહેનોની મનની શાંતિ માટે અને આ સંસ્થામાંથી દિવંગત થયેલા પુણ્યાત્માની શાંતિ માટે જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા શાંતિ હવનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાઉન્સિલ દ્વારા એમ્બ્યુલન્સ ચાલક શંભુભાઈ ચૌધરીએ શાંતિ હવનમાં મુખ્ય યજમાન તરીકે બેસવાનો લાભ આપ્યો હતો. શાંતિ હવનમાં કાઉન્સિલના માનદ સેવકો તથા મુખ્ય હોદ્દેદારોએ શ્રદ્ધાપૂર્વક હાજરી આપી હતી અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

સે-૫માં ગટરલાઈનો ઉભરાઈ પણ તંત્ર ઉદાસીન

ગાંધીનગર શહેરના સેકટર-૫માં ગટર લાઈનો ઉભરાતાં વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠયા છે. આ અંગે સત્તાવાળાઓનું લેખિત-મૌખિક ધ્યાન દોરવામાં આવ્યા છતાં આ કામગીરી નહિ થતી હોવાથી વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે.

સેકટર-૫માં પ્લોટ નં. ૩૯૫ની આસપાસ આ ગટરલાઈનમાંથી ગંદકી ઉભરાઈને બહાર આવી રહી હોવાથી રોગચાળાનો પણ ભય ઉભો થવા પામ્યો હોવાનું વસાહતીઓનું કહેવું છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મુદ્દે સેકટરના કાઉંસીલર શ્રીમતી પરાગી પંડયાના લોકસંપર્ક રાઉન્ડ દરમિયાન વસાહતીઓએ તેમને ઉગ્ર રજુઆત કરતાં શ્રીમતી પંડયાએ યોગ્ય કાર્યવાહી ઝડપથી કરાવવા માટે તેઓ ઉચ્ચ સત્તાવાળાઓને જણાવશે તેવી ખાત્રી આપી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨

સૂર્યાસ્ત : ૭.૦૮

તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડૉરેમોન (હિન્દી) : ૯.૪૫, ૨.૦૦, ૬.૧૫

ઈસક્યુ ઈન પેરીસ : ૧૨.૦૦, ૪.૧૫, ૧૧.૦૦

હમ હૈ રૈહી કાર કે : ૮.૩૦

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૦૦

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૧.૧૫

આશિકી-૨ : ૨.૦૦, ૭.૩૦

ઔરંગજેબ : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૯.૦૦, ૫.૦૦, ૧૦.૧૫

ઔરંગજેબ : ૧૨.૦૦

ગો ગોઆ ગોને : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

સૂર્યા, વાવોલ

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઈશ્ક ઈન પેરીસ : ૧૦.૦૦, ૩.૦૦

જિંદગી ૫૦-૫૦ : ૧૨.૩૦, ૫.૩૦

આશિકી- ૨ : ૭.૧૫, ૧૦.૦૦

ચિરાગ, કલોલ

રફતાર કા ઝનૂન - ૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આજે ધન લાભ થવાની શક્યતા છે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

વૃષભ : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

મિથુન : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

સિંહ : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

કન્યા : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

તુલા : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

વૃશ્ચિક : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

કુંભ : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

ચિરવિદાય

- સ્વ. સુનિલ બળદેવભાઈ પુરાણી (ઉ.વ. ૨૮) પ્લોટ નં. ૩૪/૧, ચ- ટાઈપ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. મધુબેન ચંદુલાલ ત્રિવેદી (ઉ.વ. ૭૫) પ્લોટ નં. ૪૦/૮, જ- ટાઈપ, સેકટર-૭, ગાંધીનગર.
- સ્વ. કહરબેન ભાથીભાઈ રબારી (ઉ.વ. ૫૭) પ્લોટ નં. ૫૭૪/૧, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. વિષ્ણુભાઈ કાળીદાસ સાધુ (ઉ.વ. ૫૦) પ્લોટ નં. ૮૧૮/૨, સેકટર-૪/સી, ગાંધીનગર.